
ડિયાન ફોસી
અને પર્વતીય ગોરીલા



જેન એ. સ્કોટ
ચિત્ર: રાલ્ફ એલ. રામસ્ટેડ

ડિયાન ફોસી
અને પર્વતીય ગોરીલા



જેન એ. સ્કોટ
ચિત્ર: રાલ્ફ એલ. રામસ્ટેડ



લુઇસવીલ, કેન્ટકી 1960

"આ ઉચિત નથી," ડિયાને વિચાર્યું.

"મારી બહેનપણી મેરી, એક સફારીમાં આફ્રિકા જઇ રહી છે, અને મારે પણ જવું છે!"

ડિયાન ફોસી, કેન્ટકીમાં એના નાના ઘરના

ઉપલા પગથિયાં પર ઉભી હતી.

પક્ષી ગાઈ રહ્યા હતા.

સૂર્ય તેજ ચમકી રહ્યો હતો.

પણ 28 વરસની ડિયાનને તડકો લાગી રહ્યો ન હતો.

એણે હાલમાં જ એની બહેનપણી મેરી સાથે વાત કરી હતી.

અને મેરીએ આપેલા સમાચારથી ડિયાન ખુશ ન હતી.

ડિયાન પગથિયાં પરથી કૂદી.

એ લહેરાતા ખેતરમાંથી બહાર નીકળીને તેજીથી દોડવા લાગી. એ ત્યાં સુધી દોડી જ્યાં સુધી એનો શ્વાસ ફૂલી ન ગયો.

પછી એણે લાંબા ઘાસમાં પડતું મૂક્યું.

એના ત્રણ કૂતરા એની પાછળ-પાછળ દોડયા.

એણે ડિયાનનો ચહેરો અને હાથ ત્યાં સુધી

ચાટ્યા જ્યાં સુધી એ બેસીને હસવા ન લાગી.



ડિયાનને યાદ આવ્યું કે જ્યારે એ નાની બાળકી હતી ત્યારે એ કેટલી એકલી હતી.

એની માઁ અને સાવકા પિતાએ, એને કોઈ પાળેલું

જાનવર પણ રાખવા દીધું ન હતું.

"ઓછામાં ઓછું મારી પાસે હવે પાળેલા જાનવર તો છે,“ એણે વિચાર્યું.

ડિયાને એની આસ-પાસના કૂતરાઓની દોસ્તીભરી આંખોમાં ઝાંક્યુ.

એ સાચે જાનવરોને પ્રેમ કરતી હતી. કદાચ લોકોથી વધારે.





એ બહુ ખોટું હતું કે એની બહેનપણી મેરી, એના વગર આફ્રિકા જઈ રહી હતી.

ડિયાન આફ્રિકાના બધા જંગલી જાનવરોને જોવાના ઘણીવાર સ્વપ્ના જોતી હતી.

પણ આફ્રિકા જવા માટે ઘણા પૈસા ખર્ચ કરવા પડે.

ડિયાને પૈસા ભેગા કરવાનો ફેંસલો કર્યો જેથી થોડા વર્ષોમાં એ ત્યાં જઈ શકે.

ડિયાને આફ્રિકા વિષે પુસ્તકો વાંચવાનું શરુ કર્યું.

એક પુસ્તકમાં એણે પર્વતીય ગોરીલા વિષે

વાંચ્યું.

હવે ત્યાં ફક્ત 300 પર્વતીય ગોરીલા બચ્યા હતા.

એ આફ્રિકામાં એક નાની જગ્યામાં રહેતા હતા.

શિકારીઓની જાળથી એ ખરાબ રીતે ઘાયલ થયા હતા.

ક્યારેક ગોરીલા એટલી ખરાબ રીતે ઘાયલ થઈ જતા કે એ મરી પણ જતા.

ક્યારેક શિકારી પોતાના ભાલાથી ગોરીલાને

મારી નાખતા હતા.


શું પર્વતીય ગોરીલા થોડા સમયમાં હંમેશ માટે


લુપ્ત થઇ જશે?

ડિયાન એવું ક્યારેય વિચારી શકતી પણ ન હતી.

એ એના વિષે વધારે જાણવા ચાહતી હતી.

જયારે એ આફ્રિકા ગઇ તો એણે પર્વતીય ગોરીલાને જોવાનો ફેંસલો કર્યો.





વિરુંગા પર્વત, રવાન્ડા, આફ્રિકા 1967

જેવું ડિયાને ઘાસનું મેદાન જોયું,

એનું હૃદય ગાવા લાગ્યું.

આફ્રિકામાં પહાડો પર ચઢવાનું ઘણું મુશ્કેલ હતું.

ડિયાનને લાગ્યું જાણે એના ફેફસાં ફાટી પડશે.

એના પગ થાકી ગયા હતા અને દુઃખી

રહ્યા હતા.

પણ આખરે એને શિબિર માટે એક સરસ જગ્યા મળી ગઈ.

ડિયાને એનો ભારે સામાન નીચે મુક્યો.

એને એક નાનું ઝરણું મળ્યું. એણે એના હાથ અને મોઢા ઉપર ઠંડુ પાણી છાંટ્યું.


શિબિરની ચારે બાજુ એને પર્વતો દેખાઈ રહ્યા હતા.


જયારે એ એક બાજુ ફરી તો એને કરીસિમ્બે પર્વત દેખાયો.

જયારે એ બીજી બાજુ ફરી તો એને વિસોક પર્વત દેખાયો.

એણે બંને પર્વતોના નામ એક સાથે જોડી દીધા - કરીસોક.

એ એને એ જ નામથી બોલાવશે.





જે લોકોએ એનો સામાન લઈ આવવામાં મદદ કરી હતી, એ લોકોએ જ શિબિરની સ્થાપના કરી.

એણે સૂવા માટે તંબુ તાણ્યાં.

એણે સળગાવવા માટે લાકડા ભેગા કર્યા.

થોડા સમયમાં એ ખાવા માટે સીલ કરેલા ડબ્બા ખોલી રહ્યા હતા.

ખાવાની સુગંધથી કેમ્પ ભરાઈ ગયો.

ડિયાન એક પડી ગયેલા ઝાડના થડ પર બેસી ગઈ.

એ થાકેલી અને ભૂખી હતી, પણ એ ખુશ હતી.

કરીસોક એનું નવું ઘર હતું.

એ ત્યાં પર્વતીય ગોરીલાનું અધ્યયન કરવા આવી હતી.

ડિયાન ઘાસના મેદાનની પેલે પાર સ્થિત વૃક્ષોને જોતી રહી.

વૃક્ષના પર્ણોએ એક મોટો પડદો બનાવ્યો હતો.

એને લીધે એ ત્યાં રહેતા પર્વતીય ગોરીલાને

જોઇ શકતી ન હતી.

પણ એ એને શોધવા માટે હવે વધારે રાહ

જોઇ શકે એમ ન હતી.

એ બીજે દિવસથી એનું કામ શરુ કરશે.

એ ગોરીલાને જે કંઇ પણ કરતા જોતી,


એ લખી લેશે.


એ એના ફોટા પણ લેશે.

એ એના અવાજોનું ધ્વનિમુદ્રણ પણ કરશે.

કેમકે ફક્ત 300 ગોરીલા જ બચ્યા હતા, ડિયાન

એને સુરક્ષિત કરવામાં મદદ કરવા ચાહતી હતી.





ગોરીલા

ડિયાન જંગલની પગદંડી પર ચાલી રહી હતી.

એ ત્યાં પહેલા પણ ઘણી વાર, ગોરીલાને જોવા માટે આવી ચુકી હતી.

એણે બહુ ધ્યાનથી ભીના પાંદડા પર પગ માંડયાં.

એના મોટા બૂટને અવાજ કરતા રોકવા મુશ્કેલ હતું.


પણ બૂટ, એના પગને ગરમ અને સૂકા રાખતા હતા.

વરસાદથી કપડાં ભીના ન થાય એ માટે ડિયાને એક પ્લાસ્ટિકનો "પોન્ચો" (રેનકોટ) પહેર્યો હતો.

તો પણ, એને ઠંડી લાગી રહી હતી અને એ ભીની થઇ ગઇ હતી.

એના ગળામાં દૂરબીન લટકી રહ્યું હતું.

એના ખિસ્સામાં નોટબુક અને પેન હતા.



ડિયાને કોઈ વાસ્તુ તૂટવાનો અવાજ સાંભળ્યો.

એણે ચાલવાનું બંધ કર્યું અને સાવ શાંત થઈ ગઈ.

ત્યાં અવાજ બંધ થઈ ગયો.

હવે એ ફક્ત ઝાડમાંથી વરસાદના ટપકવાનો અવાજ

સાંભળી શકતી હતી.

ડિયાન રાહ જોતી રહી.

એ જાણતી હતી કે એ અવાજ ગોરીલાએ જ કર્યો હશે.

એ ખાવાની શોધમાં ઝાડની વચ્ચેથી નીકળ્યા હશે.

ડિયાન એની વધારે નજીક જઈને એને ડરાવવા

ચાહતી ન હતી.

અચાનક, પાછો કંઈક પડવાનો અવાજ આવ્યો.

ડિયાને સાથે લાવેલા એક મોટા છરાનો ઉપયોગ કર્યો.

એણે ગીચ ઝાડીમાંથી ચાલવાનો રસ્તો કર્યો.


એ ગોરીલાની સાથે-સાથે ચાલવા ચાહતી હતી.

એક વાર એ એનું ખાવાનું પૂરું કરે, તો

ગોરીલા આગળ વધી જાય.

એણે ધ્યાનથી થોડા ડગલાં ભર્યાં.

એ ત્યાં હતા.





એક મોટા વૃક્ષની નીચે ગોરીલાનો એક પરિવાર ભેગો થયો હતો.

એ પાંદડા ખાઈ રહ્યા હતા.

વરસાદમાં એના લાંબા, કાળા વાળ વધારે

ચમકદાર થઈ ગયા હતા.

થોડા ગોરીલાએ પાંદડા તોડવા માટે પોતાના

હાથ ઉપર કર્યા.

બીજા થોડા ગોરીલાએ એના પગ અને આંગળીના વેઢા પર વૃક્ષની ચારે બાજુ ચક્કર લગાવ્યા.

બધાના ચહેરા અલગ-અલગ હતા.

દરેક ચહેરાને યાદ રાખવા માટે ડિયાને ગોરીલાને નામ આપ્યા હતા.

ઝાડની નીચે એક મોટો નર ગોરીલા બેઠો હતો.

એ ડિયાન કરતા ઘણો મોટો હતો.


એનું નામ બીથોવન હતું.

એફી અને મર્ચેસા બાળકો સાથે એની પાસે જ

બેઠા હતા.

ઈકારસ અને પાઇપર પાસે રમી રહ્યા હતા.

જેવી ડિયાન જોવા માટે બેઠી, એક ડાળી તૂટી ગઈ.
બીથોવન કૂધો.
એણે ડિયાનને જોઈ.
એના વિશાળ માથાના વાળ ઉભા થઈ ગયા.
એણે એની છાતી પીટવાનું શરુ કર્યું.
પોકા, પોકા, પોક!
"હૂટ, હૂટ, હૂટ!"એણે બૂમ પાડી.
બીજા ગોરીલા પણ કૂદવા લાગ્યા.
પણ ડિયાન એનાથી ડરી નહીં.
એને ખબર હતી કે બીથોવન ફક્ત એને
ડરાવવાની કોશિશ કરી રહ્યો છે.





ધીરે રહીને ડિયાને એક પાંદડું ઉઠાવ્યું અને
એને ખાવાનું નાટક કર્યું.

બીથોવન એને જોતો રહ્યો.

થોડી વાર પછી એ ફરી ખાવા લાગ્યો.

થોડી વારમાં બધા ગોરીલા પાંદડા ખાઇ
રહ્યા હતા.



ડિયાન સમજી ગઈ હતી કે એ જાનવર સાધારણ
રીતે શરમાળ અને શાંત પ્રકૃતિના હોય છે.

ગોરીલા માણસ પર ત્યાં સુધી હુમલો નથી કરતા,
જ્યાં સુધી કોઈ એની ઉપર હુમલો ન કરે.

ગોરીલાનો પરિવાર સમૂહમાં રહે છે.

એ પાંદડા ખાય છે, જાનવરો કે લોકોને નહીં.

ડિયાને એની નોટબૂક અને પેન ખિસ્સામાંથી
કાઢ્યા.

એણે એ બધું લખ્યું જે એણે ગોરીલાને કરતા
જોયા હતા.

એ રાતે, ડિયાન મોડે સુધી જાગતી રહી.

એની નાની ઝૂંપડીમાં, ફાનસથી

અંધારી રાતમાં એક ચમક આવી ગઈ હતી.

ડિયાન પાસે કોઇ વીજળીની રોશની,

બાથરૂમ કે ટેલિવિઝન ન હતા.

એ એવી વસ્તુઓ ચાહતી ન હતી.

એના ભીના કપડાં એક નાના તેલના હીટર

પર લટકેલા હતા.


એનો કૂતરો, સિન્ડી, એના પગ પાસે સૂતો
હતો.

એનો પાળેલો વાંદરો, કિમા, એના
ટાઈપરાઈટર પાસે ટેબલ પર બેઠો હતો.

ટેપ ટેપ ટેપ ટેપ ટેપ ...

ડિયાને જંગલમાં જે કંઇ પણ લખ્યું હતું,

એ બધું એણે ટાઈપ કર્યું.



આ કામ એના સમગ્ર જીવનનું અત્યાર સુધીનું સૌથી મુશ્કેલ કામ હતું.

એના હાથ અને ચહેરા પર ઉઝરડા પડયા હતા.

એના પગની માંસપેશીઓ દુઃખી રહી હતી.

એના પગની ઘૂંટી એક વેલાને લીધે ખેંચાઇ ગઇ હતી અને દુઃખી રહી હતી.

પણ ડિયાનને એનાથી કોઇ ફેર પડયો નહીં.

એ કરીસોકમાં ખુશ હતી.






ડિજિટ

એક દિવસ, ડિયાન એક વૃક્ષની પાછળ ઉભી હતી.


એના દૂરબીનથી એ એક ગોરીલા પરિવારને જોઈ રહી હતી.

એક યુવાન ગોરીલો પાંદડાઓ વચ્ચે રમી રહ્યો હતો.



આ યુવાન ગોરીલાની વચ્ચેની આંગળી વળેલી હતી.
કદાચ એ ક્યારેક તૂટી ગઈ હશે.
ડિયાને એનું નામ ડિજિટ રાખ્યું.
ત્યાં એક મોટા નર ગોરીલાએ ડિયાનને જોઈ.
"હૂટ, હૂટ!"એણે બૂમ પાડી.
બધા ગોરીલા જલ્દીથી ત્યાંથી ભાગી ગયા.

એના પછી, જયારે પણ ડિયાન જંગલમાં જતી તો એ ડિજિટની તપાસ કરતી.
એ ઘણીવાર એને એકલો રમતા જોતી હતી.
એ પરિવારમાં ડિજિટની ઉમરનો બીજો કોઈ ગોરીલા ન હતો.
થોડા સમયમાં ડિજિટે પણ ડિયાનને જોવાનું શરુ કર્યું.
એને એની મુલાકાતો ગમતી હોય તેવું લાગતું હતું.



એક દિવસ ડિયાન એની સાથે એક અરીસો લઈ ગઈ.

એણે અરીસાને જંગલમાં એક એવી

જગ્યાએ રાખ્યો જ્યાં ડિજિટ એને ગોતી શકે.

પછી આગળ શું થાય છે એ જોવા માટે એ સંતાઈ ગઈ.

ડિજિટે અરીસો જોયો.

એ સૂઈ ગયો અને પોતાને અરીસામાં જોવા લાગ્યો.

એણે એના હોઠ દબાવ્યા.

એણે એનું માથું આજુ-બાજુ ફેરવ્યું.

"એ શું વિચારી રહ્યો હશે?" ડિયાનને

જિજ્ઞાસા થઈ.


જેમ-જેમ ડિજિટ મોટો થતો ગયો, એને


ડિયાનમાં રસ ઓછો થતો ગયો.

ડિજિટ એના પરિવારનો નેતા બની ગયો.

પણ એ હજી પણ ડિયાન માટે બહુ


ખાસ હતો.





આફત

રવાન્ડા એક નાનો દેશ હતો જ્યાં ઘણા લોકો હતા અને બહુ ઓછું ખાવાનું હતું. જયારે લોકોને ભૂખ લાગતી, ત્યારે શિકારી જંગલમાં જાનવરોને મારી નાખતા હતા. આમ તો શિકારીઓને જંગલમાં ગોરીલાને મારવાની અનુમતિ ન હતી. તો પણ ક્યારેક એ ગોરીલાનો શિકાર પણ કરતા હતા.





એક દિવસ ડિયાન માટે કામ કરવાવાળા લોકોએ એને જણાવ્યું કે શિકારી આસ-પાસ જ હતા.

ડિયાનને ડર હતો કે ક્યાંક એ ગોરીલાને

જખ્મી ન કરે.

ડિયાન ડિજિટ અને એના પરિવારને શોધવા લાગી.





બીજે દિવસે, ડિયાન અને એના માણસોને

ડિજિટ મળ્યો.

ડિજિટે એના પરિવારને શિકારીઓથી

બચાવવાની કોશિશ કરી હતી.

પણ એમાં ડિજિટ માર્યો ગયો હતો.

ડિયાન ઘણી વાર સુધી રડતી રહી.

એ ડિજિટને 10 વરસથી ઓળખતી હતી.

ડિજિટ એનો મિત્ર હતો.

લોકોએ ડિજિટને કરીસોકમાં દફનાવવામાં

ડિયાનની મદદ કરી.

ડિયાન ઉદાસ હતી, પણ એ ગુસ્સામાં પણ હતી.

જંગલમાં ગોરીલાની રક્ષા કરવી જરૂરી હતી.

કોઈ શિકારીને જંગલમાં ઘૂસવાની મંજૂરી

ન હોવી જોઈએ.

પણ શિકારીઓને બહાર રાખવા માટે

ત્યાં પર્યાપ્ત સંખ્યામાં ચોકીદાર ન હતા.

"મારે કંઈક કરવું જોઈએ," ડિયાને વિચાર્યું.


એ ગોરીલાને મદદ કરવા માટે લોકો પાસે પૈસા માંગશે.

એ પૈસાનો ઉપયોગ એ વધારે ચોકીદાર


રાખવા માટે કરશે.


ડિયાને એની યોજનાનું નામ "ડિજિટ

ફન્ડ" રાખ્યું.




ડિજિટના ચિત્રો ટેલિવિઝન પર દેખાડવામાં આવ્યા.
એક સમાચાર વાચકે ડિજિટની વાર્તા સંભળાવી.
થોડા લોકોએ ગોરીલાની મદદ માટે પૈસા
પણ મોકલાવ્યા.
પણ પૈસા ઓછા હતા, અને ચોકીદાર રાખવા
માટે પર્યાપ્ત ન હતા.
અને પછી રોજ વધારે શિકારી જંગલમાં
આવવા લાગ્યા.





ડિયાન જાણતી હતી કે એને કંઈક બીજું કરવું પડશે.
એણે સમાચાર પત્રો અને પત્રિકાઓમાં ગોરીલા
વિષે લખ્યું.
પછી એણે "ગોરીલાસ ઈન ધ મિસ્ટ" નામની એક
ચોપડી લખી.
ડિયાન ચાહતી હતી કે બધા ગોરીલા વિષે જાણે.
એક વાર જો લોકો ગોરીલાની સમસ્યાઓ
વિષે જાણશે, તો પછી એ એને બચાવવા
માટે પણ મદદ કરશે.
ડિયાનને એ વિષે ખાતરી હતી.



જ્યારે ડિયાન પાછી કરીસોક આવી, તો કોલેજના
છાત્રો એને મદદ કરવા માટે સાથે આવ્યા.

એમણે પણ ગોરીલાનું અધ્યયન કર્યું.

શિકારીઓને પાર્કની બહાર રાખવા માટે

ડિયાને રવાન્ડાના માણસોને તૈયાર કર્યા.

એમણે શિકારીઓના છટકાં શોધ્યા અને એને
તોડી નાખ્યા.



ડિયાને આખી દુનિયાની યાત્રા કરી.

એણે લોકોને શિકારીઓ વિષે જણાવ્યું.

જો ગોરીલાનો શિકાર સમયસર રોકવામાં નહીં આવે,
તો કોઈ પણ પર્વતીય ગોરીલા જીવતો નહીં બચે.

ડિયાને નિશ્ચય કરી લીધો હતો કે રવાન્ડાના

પર્વતીય ગોરીલાને હંમેશા જીવતા રહેવું જ જોઈએ.

લોકોએ ડિયાનની વાત સાંભળી.

લોકો એની મદદ કરવા ચાહતા હતા.

દુનિયાભરના લોકો ડિયાનની ચોપડી વાંચી રહ્યા હતા. રવાન્ડાના લોકોને પણ હવે પોતાના ગોરીલા પર ગર્વ થઇ રહ્યો હતો.

18 વરસ સુધી ડિયાન ફોસીએ પર્વતીય ગોરીલાને બચાવવાનું કામ કર્યું હતું.

એને વિશ્વાસ હતો કે આખરે ગોરીલાને જીવતા રહેવાનો મોકો મળશે.





અંતિમ શબ્દો

ડિયાન ફોસીએ 1985 સુધી પર્વતીય ગોરિલાઓ સાથેનું પોતાનું કાર્ય ચાલુ રાખ્યું. પછી, ડિસેમ્બરના અંતમાં, ડિયાન ફોસીની હત્યા કરવામાં આવી. એ 53 વર્ષની હતી. કેટલાક માને છે કે એને ગોરિલાઓનો શિકાર કરતા શિકારીઓ દ્વારા મારી નાખવામાં આવી હતી. પરંતુ તેનો હત્યારો ક્યારેય મળ્યો ન હતો. ત્રણ દિવસ પછી , ડિયાનને તેના મિત્ર ડિજિટની કબર પાસે , કરીસોકમાં દફનાવવામાં આવી .

કરીસોકમાં ૧૮ વર્ષ વિતાવ્યા દરમિયાન, ડિયાને પર્વતીય ગોરિલાઓ વિશે એટલું બધું શીખ્યા જેટલું કોઈએ ક્યારેય જાણ્યું ન હતું. અને ડિયાન જે શીખી તે માહિતી એણે લોકોમાં વહેંચી. તેનું પુસ્તક, "ગોરિલાસ ઇન ધ મિસ્ટ", હજારો લોકો દ્વારા વાંચવામાં આવ્યું છે.

વૈજ્ઞાનિકો હજુ પણ કરીસોક ખાતે ગોરિલાઓનો અભ્યાસ કરે છે. રક્ષકો શિકારીઓને ગોરિલાના નિવાસસ્થાનથી દૂર રાખે છે. ઘણા દેશોના લોકો ગોરિલાઓનું નિરીક્ષણ કરવા માટે રવાન્ડાના જંગલોની મુલાકાત લે છે. અને વિશ્વભરના લોકો એ પણ જાણે છે કે ડિયાન ફોસી વિના, પર્વતીય ગોરિલા કાયમ માટે અદૃશ્ય થઈ ગયા હોત.

મહત્વપૂર્ણ તારીખો

૧૯૩૨ ૧૬ જાન્યુઆરીના રોજ, ડિયાનનો જન્મ કેલિફોર્નિયાના સાન ફ્રાન્સિસ્કોમાં થયો હતો .

૧૯૩૫ - ડિયાનના માતાપિતાના છૂટાછેડા.

૧૯૩૭ - ડિયાનની માતાએ ફરીથી લગ્ન કર્યા.

૧૯૫૪ - ડિયાન કોલેજમાંથી સ્નાતક થઈ અને કેન્ટુકીમાં નોકરી સ્વીકારી.

૧૯૬૩ - ડિયાન પ્રથમ વખત આફ્રિકાની મુલાકાતે ગઈ અને વૈજ્ઞાનિક ડૉ. લુઇસ લીકીને મળી, જેઓ શરૂઆતના માનવોના અવશેષોમાં નિષ્ણાત હતા.

૧૯૬૬ - ડિયાન પર્વતીય ગોરિલાઓનો અભ્યાસ શરૂ કરવા માટે આફ્રિકા પરત ફરી.

1967 - ડિયાને રવાંડામાં કેરીસોક સંશોધન કેન્દ્રની સ્થાપના કરી.

૧૯૭૪ - ડિયાને કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી ડોક્ટરેટની પદવી પ્રાપ્ત કરી.

૧૯૮૩ - ડિયાનનું પુસ્તક , "ગોરિલાસ ઇન ધ મિસ્ટ" પ્રકાશિત થયું.

૧૯૮૫ - કરીસોકમાં કોઈએ ડિયાનની હત્યા કરી.